# 15. નવી પેન્શનયોજના – સુરેખ ચિત્ર

ભારત સરકારે તા. 1-1-2004 થી New Defined Contributory Pension Scheme અમલમાં મૂકી છે. ગુજરાતસરકારે એ યોજનાનો સ્વીકાર કર્યો છે અને નાણાં વિભાગના ઠરાવ : નપન-2003-જીઓઇ-10-પી, તા. 18-3-2005 મુજબ રાજ્યમાં તે યોજના તા. 1-4-2005 થી અમલમાં મૂકેલ છે.

આ યોજનામાં નીચેના કર્મચારીઓ સમાવિષ્ટ થાય છે :

(1) તા. 1-4-2005 ના રોજ કે તે પછી નિમણૂક પામતાં તમામ કર્મચારીઓ.

(2) તા. 1-4-2005 ના રોજ કે તે પછી નિયમિત પગારધોરણમાં મૂકાતાં તમામ કર્મચારીઓ.

(3) રાજ્યસરકારના, લોકલબોડીના, બોર્ડ-કોર્પોરેશનના તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાના કર્મચારીઓ.

(4) શિક્ષણ વિભાગના વિદ્યાસહાયક / શિક્ષણસહાયક તથા અન્ય વિભાગોના અન્ય સહાયકો કે જે તા. 1-4-2005 ના રોજ કે તે પછી નિયમિત પગારધોરણમાં મૂકાય તે.

(5) ઉચ્ચક માસિક વેતન અન્વયે નિમણૂક પામેલા કે હવે પછી નિમણૂક પામનાર કર્મચારીઓ.

આ કર્મચારીઓને પ્રવર્તમાન પેન્શનયોજના, ગ્રેજ્યુઇટી, કુટુંબ-પેન્શન, તેમજ જી.પી.એફ.યોજના અને જી.પી.એફ. લિંકડ ઇન્સ્યોરન્સ સ્કીમ લાગુ પડશે નહિ. રાજ્યસરકાર મુંબઈ સામાન્ય ભવિષ્યનિધિ નિયમો, ગુજરાત મુલકી સેવા નિયમો (પેન્શન રૂલ્સ)માં તેમજ જરૂરી બીજા નિયમો અને ઠરાવોમાં ફેરફાર કરશે.

તા. 1-4-2005 પહેલાં નોકરીમાં ચાલુ હોય તેવા કર્મચારીઓને હાલની પેન્શનયોજના, જી.પી.એફ. યોજના, ગ્રેજ્યુઇટી, કુટુંબપેન્શન, જી.પી.એફ. લિંકડ ઇન્સ્યુરન્સ વગેરે લાભો મળવાના ચાલુ રહે છે.

આવા કર્મચારીઓ નવી જગ્યાએ તા. 1-4-2005 ના રોજ અથવા ત્યાર પછી સીધી ભરતીથી પસંદગી પામી નિમણૂક મેળવે અને નવી જગ્યાએ હાજર થવા માટે તકનિકી કારણોસર રાજીનામું મૂકવું પડે

Scanned by CamScanner

એવા કિસ્સામાં એમને હાલની એટલે કે 1972 ની પેન્શનયોજનાનો લાભ મળવો ચાલુ રહેશે. *(નાણાં વિભાગ સુધારો : નપન-2003-જીઓઆઇ-10-પી, તા. 6-9-2005)*

**યોજનાનું સ્વરૂપ :** આ યોજનામાં બે પ્રકારના ખાતાઓ રહેશે.

(1) ટાયર : 1, ફરજિયાત કપાત અને મેચીંગ ફાળાનું ખાતું.

(2) ટાયર : 2, વૈકલ્પિક (કર્મચારીના સ્વવિવેક અનુસાર) કપાતનું ખાતું.

ટાયર-2 માં સરકાર/સંસ્થાનો ફાળો મળવાપાત્ર નથી. કર્મચારી આ સ્તરમાંથી ગમે ત્યારે સંપૂર્ણ કે આંશિક રકમ ઉપાડી શકે. હાલમાં આ સ્તર બીજાની મરજિયાત કપાતવાળી યોજના અમલમાં નથી.

**સ્તર (ટાયર)-1 નું અમલીકરણ :** નિમણૂક વખતે કચેરીના વડા કર્મચારીની માહિતી મેળવશે. આ માહિતીમાં કર્મચારીનું નામ, હોદ્દો, કચરીનું નામ, પગારધોરણ, જન્મતારીખ, નોકરીમાં જોડાવાની તારીખ, મૂળ પગાર અને નોમિનીની વિગતનો સમાવેશ થાય છે. આ માટેનું નિયત પત્રક 'પરિશિષ્ટ 1' છે.

કચેરીના વડા આ માહિતી ખાતાના વડાને મોકલશે. (એ માટેના પત્રકનો નમૂનો 'પરિશિષ્ટ-2'રૂપે આપેલ છે)

ખાતાના વડાએ માહિતી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરીને (જુઓ પરિશિષ્ટ 2(ક) મોકલશે. પેંન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી ખાતા નંબરની ફાળવણી કરશે અને પરિશિષ્ટ-6 માં તેની વિગત નોંધી ખાતાના વડાને તે પત્રક મોકલશે. ખાતાના વડા કચેરીના વડાને મોકલશે અને કચેરીના વડા કર્મચારીની સેવાપોથીમાં તેમજ પગારબિલના રજિસ્ટરમાં તેની નોંધ કરી કર્મચારીને તેની જાણ કરશે. આ રીતે ખાતા નંબર મળ્યા બાદ જ કર્મચારીના ફાળાની કપાત થશે. આ નંબર સમગ્ર નોકરી દરમિયાન એક જ રહેશે, જે 16 આંકડાનો હશે જેમાં વર્ષ, વિભાગ, વિભાગના વડા, જિલ્લાના કોડ અને કર્મચારીના સિરિયલ નંબર રહેશે.

**નોંધ :** સરકાર આ યોજના માટે (1) મધ્યસ્થ રેકર્ડ કીપીંગ એજન્સી અને (2) પેન્શન નિધિ નિયમિત અને વિકાસ તંત્રની રચના કરશે. એ સંપૂર્ણ કાર્યરત થાય ત્યાં સુધી નિયામકશ્રી પેનશન અને પ્રોવિડન્ટ ફંડે નિયમન કરવાનું છે અને એણે કાયમી ધોરણે રેકર્ડ કીપીંગ એજન્સી અને નિધિ નિયમન અને વિકાસ તંત્ર સાથે સંકલનની કામગીરી

Scanned by CamScanner

બજાવવાની છે.

સ્તર : 1 ની યોજના હેઠળ કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની 10% રકમ કર્મચારીના ફાળા તરીકે કપાત થશે. મોંઘવારીભથ્થા સિવાયના કોઈપણ ભથ્થા કે ખાસ પગાર વગેરે ધ્યાનમાં લેવાના નથી. કર્મચારી જે માસમાં સેવામાં જોડાય તે માસ પછીના માસથી કર્મચારીના પગારમાંથી કપાત થશે. તા. 1-4-2005 ના રોજ કે તે પછી સેવામાં દાખલ થતા કર્મચારીનું પગારબિલ અલગ બનશે અને તેની સાથે કર્મચારીના ફાળાનું પાક (પરિશિષ્ટ-3) સામેલ કરવામાં આવશે, જેમાં કર્મચારીના 10% લેખેના ફાળાની રકમનું કોલમ રહેશે.

કર્મચારીના ફાળા જેટલો જ ફાળો સરકારે કે સંસ્થાએ જમા કરાવવાનો છે, જેને Matching Contribution તરીકે ઓળખવામાં આવેલ છે. તા. 18-3-2005 ના ઠરાવ અનુસાર સમાન ફાળાને 10% છે.

વચગાળાની વ્યવસ્થા તરીકે કર્મચારીના પગારમાંથી થયેલી કપાત અને સમાનફાળો રાજ્યસરકારના જાહેર હિસાબ ખાતે જમા કરાવવાનો છે. બજેટ હેડ નીચે મુજબ છે :

મુખ્ય સદર - 8342 અન્ય થાપણો.

ગૌણ સદર - 120 પ્રકીર્ણ બાબતા.

પેટા સદર - (01) નવી નક્કી કરેલી વર્ધિત પેન્શનયોજના ટાયર-1 હેઠળ કર્મચારીનો ફાળો.

પેટા સદર-(02) નવી નક્કી કરેલી વર્ધિત પેન્શનયોજના ટાયર-1 હેઠળ રાજ્યસરકારનો ફાળો.

કચેરીએ સંસ્થાનો ફાળો ચલનથી ઉપરના હેડે જમા કરાવવાનો રહેશે.

સમાન ફાળાના ઉપાડ માટે અલગ બિલ બનાવવાનું રહેશે. આ બિલ સાથે પરિશિષ્ટ-4 મુજબની વિગત દર્શાવતું પત્રક જોડવાનું રહેશે.

બિલ મળ્યા બાદ તિજોરી અથવા પગાર અને હિસાબ કચેરી તેની ચકાસણી કરીને મંજૂર કરશે.

ચૂકવણું કર્યા બાદ તિજોરી/પગાર અને હિસાબ કચેરી પેન્શનના ફાળાના પરિશિષ્ટ અને ચલણ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગરને મોકલી આપશે. નિયામકશ્રીની કચેરી કર્મચારીના ફાળાની તેમજ સરકારશ્રીના ફાળાની વ્યક્તિગત ખાતાવહીમાં ખતવણી કરશે,

Scanned by CamScanner

જેનો નમૂનો પરિશિષ્ટ-5 થી આપવામાં આવ્યો છે, જેમાં માસ, મૂપગાર, સ્તર-1 હેઠળ કર્મચારીનો ફાળો, સ્તર-1 હેઠળ સંસ્થાનો ફાળો : સ્તર(1) ની કુલ રકમ, સ્તર(2) હેઠળ કર્મચારીનો ફાળો (હાલમાં સ્તરની જોગવાઈ અમલમાં નથી- અને છેલ્લે સ્તર-1 ની ઉઘડતી સિલક, જમા, ઉપાડ, વ્યાજ અને બંધ થતી સિલીક એ રીતે તારીજ આપવામાં આવેલ છે.

હાલમાં કમિશનરશ્રી મધ્યાહ્ન ભોજન અને શાળાઓને પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીએ નીચે મુજબ સૂચના આપેલી છે – ''સંસ્થાનો ફાળો આપના સ્તરેથી સંસ્થાએ જમા કરાવવાનો નથી. આ અંગેની જોગવાઈ સરકારશ્રીએ નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ મારફ્તે કરેલ હોઈ તેઓશ્રી આ ફાળો જમા કરાવશે.'' *(પેન્શન પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, ડીપીપી-એનડીપીએસ-100, તા. 31-5-2006)*

નાણાં વિભાગે આ બાબતે ઠરાવ : નપન-2003-જીઓઆઇ-10-પી, તા. 28-3-2006 થી ''જે કર્મચારી માટે Employer Contributory ફાળાની રકમ રાજ્યસરકારે ભોગવવાની નથી. જે તે સંસ્થા અને બોર્ડે ભોગવવાની રહેશે. એવા કિસ્સામાં ઉપાડ અધિકારીશ્રીએ ફાયાની રકમ ઉપાડીને જે તે અધિકારી / કર્મચારીના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે.''

પણ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાના કિસ્સામાં હાલમાં નિયામકશ્રીની તા. 31-5-2006 ની સૂચના પ્રવર્તે છે. અહ સંસ્થાવતી ફાળો મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાની કચેરીના કમિશનરશ્રી નહિ પણ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડના નિયામકશ્રી જમા કરાવશે તેમ સમજવાનું છે.

ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓના કિસ્સામાં ઉપાડ અને ચૂકવણી-અધિકારી કચેરીના વડા અર્થાત્ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી છે. અમલીકરણનો ભાર એમના ઉપર છે. શાળાએ કરવાની કામગીરી એમના વતી થશે.

**અન્ય :**

(1) ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓએ આ યોજના અંગેનું રજિસ્ટર નિભાવવાનું રહેશે, જેને ઇન્ડેક્સ રજિસ્ટર એવું નામ આપવામાં આવેલ છે. આ રજિસ્ટરમાં પેન્શન ખાતા નંબર, કર્મચારીનું નામ, હોદ્દો, નોકરીમાં જોડાયા હોય તે કચેરીનું નામ, જન્મતારીખ, નોકરીમાં જોડાયાની તારીખ અને ખાતાના વડાની સહી વગેરે વિગતોનો સમાવેશ થાય છે. *(જુઓ પરિશિષ્ટ-6)*

Scanned by CamScanner

(2) નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી નાણાકીય વર્ષને અંતે માસિક કપાતોની ઉઘડતી સિલીક, બંધ થતી સિલીક, સમાન હિસ્સા ઉપર કોઈ વ્યાજ મળ્યું હોય તો તે વગેરે દર્શાવતું વાર્ષિક હિસાબોનું પત્રક તૈયાર કરશે, આ પત્રક તે ખાતાના વડાને મોકલશે. ખાતાના વડા ઉપાડ અને ચૂકવણીઅધિકારી મારફત કર્મચારીને પહોંચાડશે.

(3) નાણાકીય વર્ષ પૂરું થયા પછી નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ સિલીકોનું મેળવણું કરશે અને તે માટે ખાતાના દરેક વડાને સિલકોની વિગતની જાણ કરશે.

(4) ખાતાના વડા નિયામકશ્રી પેનશન અને પ્રોવિડન્ટ ફંડ કચેરીના ચોપડા મુજબ કર્મચારીઓની વ્યક્તિગત ખાતાવહી સાથે મેળવણું કરશે અને કર્મચારીને તે અંગેની સ્લીપ આપશે.

(5) કર્મચારી એક શાળામાંથી બીજી શાળામાં કે એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં કે એક વિભાગમાંથી બીજા વિભાગમાં જાય ત્યારે સિલીકની તબદીલી કરવામાં આવશે નહિ. ઉપાડ અને ચૂકવણી-અધિકારી એલ.પી.સી.માં પેનશનખાતા નંબર, કર્મચારીના ફાળાની રકમ, સંસ્થાના ફાળાની રકમ, જે મહિના સુધી કપાત કરી હોય તે મહિનો અને કોઈ કપાત ચડત કે બાકી હોય તો તે નોંધશે અને તે મુજબ નવી જગ્યાએ અમલ થશે.

(6) કર્મચારીના અકાળ અવસાનના કિસ્સામાં અથવા નોકરી છોડી દેવાના કિસ્સામાં આખરી ચૂકવણું કરવામાં આવશે.

(7) સ્તર-1 ની સિલીક ઉપર રાજ્ય / કેન્દ્ર સરકારની સૂચના અનુસાર વ્યાજ ચૂકવાશે. હાલમાં વ્યાજનો દર 8% છે. વ્યાજનું સદર આ મુજબ રહેશે :
મુખ્ય સદર - 2049- વ્યાજની ચુકવણીઓ.
પેટા મુખ્ય સદર - 03, નાની બચત ભવિષ્યનિધિ પર વ્યાજ.
ગૌણ સદર - 117. નક્કી કરેલ વર્ધિતપેનશનયોજના પર વ્યાજ.
પેટા સદર-(01) નક્કી કરેલ વર્ધિતપેન્શનયોજના ટાયર-1 ઉપર વ્યાજ.

(8) ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓ ખાતાના વડા મારફત નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ સાથે પત્રવ્યવહાર કરી શકશે.

**લાભાંશ :** કર્મચારી ટાયર-1 હેઠળની રકમ નિવૃત્તિ વખતે જ

Scanned by CamScanner

ઉપાડી શકશે. નિવૃત્તિ વખતે જમા રકમમાંથી 60% રકમ કર્મચારીને રોકડમાં મળશે. બાકીની 40% રકમ જીવન વીમા કંપનીની એન્યુઇટીમાં રોકવાની રહેશે, જેમાંથી કર્મચારીને અને તેના આશ્રિતોને આજીવન પેન્શન મળશે. *(નોંધ : જો કર્મચારી નિવૃત્તિ પહેલાં ઉપાડ કરે તો ઉપાડની 80% રકમ એન્યુઇટીમાં રોકવાની રહેશે)*

કેન્દ્ર સરકારે આ યોજનાની વ્યવસ્થા માટે ''પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી''ની રચના કરી છે. આ ઓથોરિટી ફંડ મેનેજમેન્ટની નિમણૂક કરી શકે છે. હાલમાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, યુ.ટી.આઈ. તેમજ એલ.આઇ.સી.ને ફંડ મેનેજરો તરીકે નીમવામાં આવેલ છે. ''પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી' રેકર્ડ કીપીંગ એજન્સી નીમી શકે છે. હાલમાં 'નેશનલ સિક્યુરિટી ડિપોઝિટરી લિમિટેડ'ને રેકર્ડ કીપીંગ એજન્સી તરીકે નીમવામાં આવેલ છે. ભવિષ્યમાં હાલની નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની વચગાળાની કામગીરી એમને તબદીલ થશે.

ફંડ મેનેજરો કર્મચારી નિવૃત્ત થાય કે રકમ ઉપાડી ન લે ત્યાં સુધી કર્મચારીઓને તેમના ખાતે જમા થયેલ કપાતની રકમ સરકારી બોન્ડ, કોર્પોરેટ બોન્ડ અને ઇકવરીમાં રોકવાનો વિકલ્પ આપશે. આ વિકલ્પો નીચે મુજબ હશે :

વિકલ્પ-એ : 60% સરકારી બોન્ડ + 30% કોર્પોરેટ બોન્ડ + 10% ઇક્વિટી = 100%
વિકલ્પ-બી : 40% સરકારી બોન્ડ + 40% કોર્પોરેટ બોન્ડ + 20% ઇક્વિટી = 100%
વિકલ્પ-સી : 25% સરકારી બોન્ડ + 25% કોર્પોરેટ બોન્ડ + 50% ઇક્વિટી = 100%
વિકલ્પ-ડી : 100% સરકારી બોન્ડ.

આ રોકાણોમાંથી થતી ઉપજનો લાભ કર્મચારીઓને મળશે. આ યોજનામાં નોકરીના અંતે કર્મચારી નીચે મુજબ લાભ મેળવશે.

10% કર્મચારીની પોતાની કપાતની રકમ
10% સરકારી / સંસ્થાના ફાળાની રકમ
8% લેખે વ્યાજ (વ્યાજના દર ફેરફારને આધીન ગણવા)
8% લેખે બોન્ડસ/ઇક્વિટીના રોકાણનું વળતર
(ફેરફારને આધીન સમજવું)

આ બધાની કુલ રકમની અર્ધી રકમ કર્મચારીની પોતાની અને અર્ધી રકમ નિવૃત્તિ લાભ ગણી શકાય.

Scanned by CamScanner

આ યોજનામાં **કર્મચારીનો** ફાળો તેમજ સંસ્થાનો ફાળો આવકવેરામાં કપાત **તરીકે બાદ** મળવાપાત્ર **છે**. સંસ્થાનો ફાળો આવકમાં ઉમેરી પછી કપાત તરીકે બાદ મળી શકશે. હાલમાં આવકવેરાની સંબંધિત કલમો હેઠળ કુલ રૂ. એક લાખની મર્યાદામાં કપાતનો લાભ મળવાપાત્ર છે.

**સમાપન** : પ્રસ્તુત યોજના હાલમાં પ્રારંભિક તબક્કે છે. એના અમલ માટે જેમ જેમ હુકમો, માર્ગદર્શક સૂચનાઓ અને હિસાબો રાખવાની પદ્ધતિ જણાવવામાં આવશે તેમ આ યોજના વધુ સ્પષ્ટ અને સ્થિર થશે. નાણાં વિભાગે તા. 21-3-2005ના ઠરાવથી જરૂર જણાય ત્યાં ''નાણાં વિભાગ સાથે પરામર્શ કરવાની'' સૂચના આપેલી છે.

હાલમાં ઉપર મુજબ આ યોજનાનું ચિત્ર સ્પષ્ટ થાય છે.

✽ ✽ ✽

Scanned by CamScanner